ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જ્યોતિન્દ્ર વ્યાસ
ઉપ પ્રમુખ
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
વેપારી અગ્રણી (પૂજા પાર્લર)
મો. ૯૮૨૫૦ ૧૧૨૨૭



કરસનભાઈ હિરાભાઈ રાઠોડ



દિનેશભાઈ એન કાર્યા

# સ્કાઉટ એન્ડ ગાઈડનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨


ગુરુવારના રોજ નરોડા બ્રાઈટ હાઈસ્કૂલ, આનંદબા કેમ્પસ, કરાઈ ખાતે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ગાંધીનગર જિલ્લાના કલેકટર સતીષભાઈ પટેલે સભાના અધ્યક્ષ તરીકે વિદ્યાર્થીઓને પોતાની વાણીનો લાભ આપ્યો હતો. આનંદબા બ્રાઈટ હાઈસ્કૂલના આચાર્ય હરિશભાઈ ત્રિવેદીએ ઉદ્‌ઘાટક તરીકે સમારોહ ખુલ્લો જાહેર કર્યો હતો તથા જિલ્લા રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાશિક્ષણાધિકારી એમ.એસ. બારડ પણ ઉપસ્થિત રહ્યા હતા. આનંદબા વિદ્યાલયના ટ્રસ્ટી શૈલેષભાઈ પી. ત્રિવેદીએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. કલેકટરે સતત બે દિવસ સુધી ઘરથી દૂર રહીને વિદ્યાર્થીઓને જીવનકૌશલ્ય અને સમૂહજીવનની માહિતી તથા શુભકામના આપી હતી. આ પ્રસંગે બ્રાઈટ સ્કૂલ વલાદના શિક્ષક મિત્રોએ અને આયોજકોએ ખૂબ જ સફળ રીતે રેલીનું સંચાલન થાય તે માટે ફાળો આપ્યો હતો. રેલી સંચાલનમાં ડિસ્ટ્રીક્ટ કમિશનર રતિભાઈ જોષી, શ્રીમતી અંજનાબેન ચૌધરી, ડિસ્ટ્રીક્ટ સેક્રેટરી યુવરાજસિંહ વાઘેલા, રેલી ચીફ કૉ-ઓર્ડીનેટર, દેવેન્દ્ર કુમારી રાઓલ, ડિસ્ટ્રીક્ટ કમિશનર ગાઈજ, તથા આ સંગઠનના પ્રમુખ એન.એમ. રાઠોડ ડિસ્ટ્રીક્ટ પ્રેસીડેન્ટ ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી ઉપસ્થિતત રહ્યા હતા.

આ રેલીને સફળના અપાવવા માટે રેલીના સભ્યો શ્રીમાન પ્રેમીલાબેન શર્મા, હેતલબેન દેસાઈ, કમલેશભાઈ રાવલ, સંતોકબેન ચૌધરી, એકતા સિંઘ, અંજના એન. ચૌધરી, કુસુમબેન પટેલ, રાજુભાઈ રબારી, કમલેશભાઈ ભાવસાર અને બળદેવભાઈ ચૌધરીએ ખૂબ જ મહેનત કરી હતી. જેમાં રાત્રે કેમ્પ ફાયર જેમાં નિયામક જી.સી.ઈ.આર. ટી - ડી. એન. જોષી, આઈ.બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સવારે સર્વધર્મ પ્રાર્થનામાં જે.કે. સાહેબ, સંયોજક મુકેશ દેસાઈ વિષ્ણુભાઈ પટેલ ચાણક્ય સ્કૂલ હાજર રહ્યા હતા. રેલીના વિવિધ કાર્યક્રમમાં ધ્વજવંદન પ્રસંગે અશોકભાઈ ભાવસાર, પૂર્વ ચેરમેન શહેરી વિકાસ સત્તા મંડળ ખાસ ઉપસ્થિત રહી ભાવકોને શુભ આશિષ પાઠવ્યા હતા. રેલીના ખાસ આકર્ષણને માધ્યમિક શિક્ષણ બોર્ડના પ્રમુખ સભ્ય અર્જુનસિંહ વાઘેલાએ પ્રસ્થાન કરાવ્યું હતું.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ની તૃતીય વર્ષ બેચલર ઑફ ફિઝિયો-થેરાપીની વાર્ષિક પરીક્ષામાં એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડીમાં તૃતીય વર્ષમાંથી પટેલ કનીષા નિકુંજભાઈ બીજો નંબર અને ગૌર પુનિત યોગેશભાઈએ ત્રીજા નંબર મેળવ્યો છે. દ્વિતીય વર્ષમાંથી પટેલ રૂચા, ધોબી ભૂમિ, સેગલ નેહલ, ડિસ્ક્શન ગુણ પ્રાપ્ત કર્યા છે. કૉલેજ તથા મંડળ દ્વારા આ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવે છે.








વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ તરફથી એક દિવસીય પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧૧ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ખૂબ આનંદ પ્રાપ્ત કર્યો હતો. એક દિવસીય પ્રવાસના આ આયોજનને સફળ બનાવવા બદલ દરેક શિક્ષકમિત્ર, વિદ્યાર્થીને પ્રિન્સિપાલ, શાળા સંચાલન તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આશાસ્પદ ફોટોગ્રાફર્સના પ્રદર્શનનો પ્રારંભ



અમદાવાદ, તા. ૨

શહેરનાં ચાર આશાસ્પદ ફોટોગ્રાફરોનાં 'ડાંગ-એકસ્પ્લોર ધ અનએકસ્પલોર્ડ' વિષય પરનાં ફોટોગ્રાફી પ્રદર્શનનો આજથી શહેરનાં કનોરિયા સેન્ટર ફોર આર્ટસમાં આરંભ થયો છે. તા. ૨થી ૪ ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન સવારે ૧૧થી સાંજે ૭ કલાક સુધી ખુલ્લા રહેનારા ફોગોગ્રાફી પ્રદર્શનને આજે વિધિવત રીતે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. મે, ૨૦૧૬માં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એનઆઈડી)નાં ફોટોગ્રાફી પરનાં બેઝિક કોર્સ કીપ કલીકીંગમાં ચાર આશાસ્પદ ફોટોગ્રાફરો શિતિન શાહ, વિશાલ પ્રસાદ, ઉમંગ શ્રીવાસ્તવ અને જય પાઠક ભેગા થયા હતાં અને પોતાનું જૂથ બનાવીને ફોટોગ્રાફી યાત્રા આરંભી હતી.

આ ચારેય ફોટોગ્રાફરોએ ગુજરાતની પ્રકૃતિને થીમ તરીકે પસંદ કરીને ડાંગ વિસ્તારને પસંદ કર્યો હતો. ચાલુ વર્ષે ચોમાસા પછી તેમણે ઓક્ટોબરનાં પ્રથમ સપ્તાહમાં ડાંગની નયનરમ્યતા, હરિયાળીને કચકડે મઢવાની યાત્રા આરંભી હતી. ડાંગમાં કુલ પાંચ કુદરતી ધોધને તેમણે કેમેરામાં કંડાર્યા હતાં. આ સમગ્ર પ્રવાસને તેમણે 'ડાંગ-એકસ્પ્લોર ધ અન એકસ્પલોર્ડ' થીમ પ્રદર્શનમાં રજૂ કર્યો છે. તેમાં ડાંગની અનુપમ સુંદરતાને માણી શકાશે.

## ડાયરેક્ટ ❤ સે

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય
કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,
તેમ છતાં તમે
નિઃસ્વાર્થ ખેંચાઈ રહ્યા હો...!
અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી
પણ વાત
સંબંધ નિભાવવાની હતી!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(અંગ્રેજી, ૩ડી)
૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(હિન્દી, ૩ડી)
૬.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડિયર જિંદગી
૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
ફોર્સ-૨
૭.૦૦

**સ્ક્રીન-૫**
કહાની-૨
૧૦.૦૦, ૨.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૬**
કહાની-૨
૫.૦૦
ફોર્સ-૨
સવારે ૧૦.૦૦
ડીયર જિંદગી
૧.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### આજે વિશ્વ વિકલાંગતા દિવસ

# ૧૫૦ માતા-પિતા, શિક્ષકોની જોવા - સાંભળવાની ક્ષતિ ધરાવતાં બાળકો સાથે નેશનલ કોન્કલેવ

ગાંધીનગર, તા. ૨

સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા કે જે સેન્સ ઈન્ડિયાના નામે પણ જાણીતી છે તે સંસ્થા છે કે જે બધિરાંધતા (જોવાની, સાંભળવાની અને બોલવાની અક્ષમતા) ખામી ધરાવતા બાળકો પુખ્ત વયના લોકોને ઉત્તમ સેવા ઉપલબ્ધ થાય તે માટે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત સંસ્થા છે. આજે આ સંસ્થાએ તેનાં નેટવર્કસ 'ઉડાન' (પુખ્ત વયના બધિરાંતાની ખામી ધરાવતા સભ્યોના નેટવર્ક), 'અભિપ્રેરણા' (તેમને શિક્ષણ આપનારના નેટવર્ક) તથા 'પ્રયાસ' (તેમના પરિવારોના નેટવર્ક) માટે ૩ દિવસની કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. જોવા-સાંભળવાની ખામી ધરાવતા/ એમએસઆઈ વ્યક્તિઓ તેમના અધિકારો માટે હિમાયત કરી શકે અને જીવનની ગુણવત્તામાં સુધારો થાય તે માટે તેમના સશક્તિકરણનો પ્રયાસ આ સમારંભ દ્વારા હાથ ધરાયો છે. વિવિધ માહિતીપ્રદ બેઠકો અને તાલિમ કાર્યક્રમો દ્વારા આ કોન્કલેવ પરિવારોને યોગ્ય સેવાઓ સારા પ્રમાણમાં ઉપલબ્ધ થાય અને તેમના અધિકારો અંગે જાણકારી મળે તે માટે સહાયરૂપ બનશે. શિક્ષકોના નેટવર્ક માટે આ કોન્કલેવ કૌશલ્ય વિકસાવશે અને વધારામાં શિક્ષકોમાં બધિરાંતાની/એમએસઆઈ વ્યક્તિઓ અંગે જ્ઞાનનો પાયો વિસ્તરે તે રીતે સહાયભૂત થશે.





આ કોન્કલેવ વર્લ્ડ ડીસેબિલીટી ડે પ્રસંગે યોજાઈ રહી હોવાથી સેન્સ ઈન્ડિયા ભારતમાં બધિરાંતાની ઊણપ ધરાવતા વ્યક્તિઓ તથા તેમના માતા-પિતા અને શિક્ષણ સમુદાયની ઘણી સિધ્ધિઓની ઉજવણી કરશે.

ત્રણ દિવસના આ કાર્યક્રમ દરમ્યાન દેશભરમાંથી ૧૫૦થી વધુ લોકો સામેલ થઈ તાલિમ કાર્યક્રમના આ નેટવર્કને પરસ્પર ચર્ચા દ્વારા મજબૂત બનાવી સરકારએ બધિરાંતા વ્યક્તિઓની વિકલાંગતાઓળખી તેને નવા ડીસેબિલીટી બિલમાં સમાવેશ કરવાની જરૂર છે.

બધિરાંતાની ઊણપ એ અનોખી ખોડ છે (જેમાં દષ્ટિ અને સાંભળવાની ઊણપ વર્તાય છે). આથી આવા લોકો અને તેમના પરિવારો માટે અનેક પડકારો ઉભા થાય છે. એમની વસતિ દેશભરમાં વહેંચાયેલી છે તથા આવા વ્યક્તિઓનું પ્રમાણ ઓછુ હોવાથી રાષ્ટ્રીય સ્તરના ત્રણ સપોર્ટ ગ્રુપ સ્થાપવાની જરૂરિયાત ઉભી થઈ છે.

ભારતમાં આશરે ૫ લાખ જેટલા બધિરાંધ લોકો છે. ભારતમાં આટલા મોટા પ્રમાણમાં બધિરાંધ લોકો હોવા છતાં તેમના પાયાના અધિકારો સંતોષવા અંગે ધ્યાન અપાતું નથી. ડીસેબિલીટી એક્ટમાં આવા લોકોની ઓળખ નથી અને રાષ્ટ્રીય સ્તરે તેમનું નેટવર્ક એક મહત્વનું પરિબળ બનીને દેશના બધિરાંધ વ્યક્તિઓ માટે અથવા તો એમએસઆઈ બાળકો તથા પુખ્ત વયના લોકો માટે ઘડાનારી નીતિને પ્રભાવિત કરવા પ્રયાસ કરે છે.

સેન્સ ઈન્ડિયાના ડિરેકટર અખિલ એસ પૌલ જણાવે છે કે કાયદો મુદ્દાને વિશ્વસનીયતા આપે અને લોકોમાં જાગૃતિ ઉભી થાય છે. રાઈટસ ઓફ ડીસેબિલીટી બિલ (ડ્રાફ્ટ)માં બધિરાંધ વ્યક્તિઓનો સમાવેશ કરવાનું વિધેયક સંસદમાં પડતર છે. બધિરાંધ લોકો અને તેમના પરિવારો તરફથી હું સંસદને આ વિધેયક મંજૂર કરવા માટે અનુરોધ કરૂં છું.

સેન્સ ઈન્ડિયા હવે ૭૭,૦૦૦થી વધુ બધિરાંધ બાળકો અને પુખ્ત વયની વ્યક્તિઓ સુધી તેની ૨૨ રાજ્યોમાં આવેલી ૫૭ સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે પહોંચે છે. રાયપુરના બધિરાંધ બાળકની માતા કૌશલા ચંદ્રા જણાવે છે કે અંજલિને સેન્સ ઈન્ડિયાસે જુડને કે બાદ બહુત સારી ચીજેં સિખી હે, અગર ઈસી તરહ સે યોગ્ય માર્ગદર્શન મિલે તો યે બહુત કુછ કર સકેગી.

વર્ષ ૨૦૦૪થી સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા આ પ્રકારનું દીર્ઘકાલિન નેટવર્ક વિકસાવવા માટે ખૂબ મહત્વની કામગીરી કરવામાં આવી છે. હાલમાં ૧૦૦૦ થી વધુ પરિવારો, ૬૦૦ વ્યક્તિનો શિક્ષક સમુદાય, ૧૬૦ બધિરાંધ અથવા તો એમએસઆઈ વ્યક્તિઓ આ ત્રણ નેટવર્ક મારફતે એક-બીજા સાથે જોડાયેલી છે. હાલમાં દિલ્હી, નાસિક, શ્રીગંગાનગર, મુંબઈ, બસ્તી, રાયપુર, કાકીનાડા, અમદાવાદ, ત્રીચી, બાનપુર, ચેન્નાઈ, મુંબઈ, કોલકતા, સોલાપુર અને તિરૂવનંતપુરમાં હાલમાં ૧૫ સ્થાનિક ફેમિલી નેટવર્ક વિકસાવવામાં આવ્યા છે.

# આપણી માતૃભૂમિ એ આપણી સૌથી પ્રાથમિક તેમજ ઉચ્ચતમ ગણના બનવી જોઈએ

ડિવાઈન લાઈફ સોસાયટીના પ્રમુખ સ્વામી ચિદાનંદે પોતાના ઊંડા માતૃભૂમિ પ્રેમને વશ ૧૯૯૧માં રાષ્ટ્રીય આચારસંહિતા (નૅશનલ કોડ) તૈયાર કર્યો હતો, જેમાં તેમણે તમામ ભારતીયોને એક સાચા નાગરિક તરીકે દેશભક્તિ અને સેવા કરીને તેજસ્વી બનવાની અપીલ કરી હતી. ૧૯૯૭ સુધી આ નૅશનલ કોડ ઑફ કંડક્ટની અંગ્રેજી ભાષામાં પાંચ લાખ નકલો છાપવામાં આવી હતી તથા અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનો અનુવાદ કરવામાં આવ્યો હતો.

સ્વામી ચિદાનંદ જન્મશતાબ્દિ મહોત્સવ નિમિત્તે ગાંધીનગર સમાચારના વાચક મનોજ મિસ્ત્રીએ આ રાષ્ટ્રીય આચારસંહિતા વાચકો માટે ખાસ મોકલી આપી છે.

દેશભક્તિ : આપણી માતૃભૂમિ એ આપણી સૌથી પ્રાથમિક તેમજ ઉચ્ચતમ ગણના બનવી જોઈએ. આપણા રાષ્ટ્રનું કલ્યાણ એ સ્વયં આપણું જ કલ્યાણ છે. તેથી, ચાલો આપણે સ્વેચ્છાપૂર્વક આપણા પોતાના જીવનને આપણા રાષ્ટ્ર માટે અર્પણ કરવા તૈયાર બનીએ. ચાલો, આપણે આપણાં સંતાનો અને કુટુંબના સદસ્યોમાં, આપણા દેશ માટે પ્રેમભાવના, દેશભક્તિનો જુસ્સો તેમજ આપણા દેશ માટે અને દેશબાંધવો માટે સેવાભાવ ભરી દઈએ.

કર્તવ્ય : આપણું સૌપ્રથમ કર્તવત્ય એ ઈશ્વર તેમજ સત્યપાલન આચરવાનું છે. સચ્ચાઈભર્યું જીવનયાપન એ આપણા દેશ પ્રત્યેની અત્યંત ઉત્તમ તેમજ અત્યંત મૂલ્યવાન સેવા છે કારણ કે તે બાબત આપણી માતૃભૂમિને કીર્તિમાન બનાવે તેવી બાબત છે.




ચારિત્ર્યશીલતા : ચારિત્ર્ય-શીલતા એ ઉત્કૃષ્ટ સંપત્તિ છે. એક પવિત્ર, નીતિમાન નાગરિક એ આપણા રાષ્ટ્રની શ્રેષ્ઠતમ સંપત્તિ છે. આવા બનવું તે મહત્ત્વનું તેમજ અનિવાર્ય છે. તેથી, સચ્ચરિત્રતાને અત્યંત મૂલ્યવાન સ્થાન આપવું ઘટે કે જે ગુણ પર આપણા રાષ્ટ્રનું કલ્યાણ અને ભવિષ્યની સ્થિરતાનો આધાર છે.

સુ-સ્વાસ્થ્ય : સુ-સ્વાસ્થ્ય એ સફળતાનો પાયો છે. સ્વાસ્થ્ય એ સંપત્તિ છે. ચારિત્ર્યશીલતાના ગુણ પછી સુ-સ્વાસ્થ્ય એ શ્રેષ્ઠતમ રાષ્ટ્રીય મૂડી છે. નાગરિકો તરીકે, રાષ્ટ્ર પ્રત્યેનું આપણું પ્રથમ કર્તવ્ય એ ચારિત્ર્ય-શીલતા ઘડવાનું તેમજ સુ-સ્વાસ્થ્ય ઘડવાનું છે.

સદ્‌ગુણ : ચાલો આપણે જુગટું, મદ્યપાન, કેફી દ્રવ્યોનું સેવન, ધૂમ્રપાન અને પાન-ગુટખા ચાવવાની બદીઓનો ઉચ્છેદ કરવામાં બધા સાથે ખભા મિલાવીએ. ચાલો આપણે લાંચ-રુશ્વત, ભ્રષ્ટતા, સ્વાર્થ, અનૈતિકતા, અપ્રમાણિકતા અને દુર્વર્તનનો ઉચ્છેદ કરીએ. આપણા રાષ્ટ્ર પ્રત્યેનો દ્રોહ એ ગુનો છે અને તે અક્ષમાય તથા રાષ્ટ્રવિરોધી ગુનો છે.

જાહેર સંપત્તિ : ભારતના હે નાગરિકો, આપણી બધી જ જાહેર મિલકતોના રખેવાળ છીએ. આપણે રાષ્ટ્રીય સંપત્તિનો દુર્વ્યય, વેડફાટ, ચોરી કે નાશ ન કરવો ઘટે. આપણે આ સંપત્તિની પ્રેમભાવ તેમજ કાળજીથી જાળવણી કરવી ઘટે. ચાલો, આપણે આપણા રાષ્ટ્રને ચોખ્ખું-ચણાક (સ્વચ્છ) બનાવીએ કારણ કે આપણું કુટુંબ એક જ છે.

ધર્મ : આપણને બધા ધર્મો, સંપ્રદાયો અને ધાર્મિક માન્યતાઓ પ્રતિ સમત્વ સાથે આદરભાવ હોવો ઘટે. ચાલો, આપણે અન્ય ધરમભાવનાના અનુયાયીઓને આપણા પોતાના બાંધવો તરીકે સ્નેહ કરીએ. જેમ આપણે આપણા પ્રત્યે અન્ય જનો સદ્‌વર્તન દાખવે તેમ ઈચ્છીએ છીએ, તે જ રીતે આપણે અન્ય પ્રત્યે સમાદર દાખવીએ. સમાજનાં બધાં જ ઘટકો પરસ્પર સ્નેહભાવના બંધનથી જોડાઈ જવાં જોઈએ.

અહિંસા : ગમે તે ભોગે દરેક પ્રકારની હિંસા અને ધિક્કારની લાગણીને નિવારવી ઘટે. કારણ કે હિંસાભાવના આપણા રાષ્ટ્ર (દેશ)ના સારા નામ માટે કલંક સમાન છે. તે આત્મહનન કરનારી બાબત છે અને તે આપણા દેશના કલ્યાણ અને વિકાસને અત્યંત હાનિ પહોંચાડે છે. હિંસા એ આપણા રાષ્ટ્રીય આદર્શથી તદન વિપરીત બાબત છે.

કરકસર : તમારા જીવનના ક્રમને સાદગીભર્યા જીવન અને ઉત્કૃષ્ટ વિચારસરણીના ક્રમમાં ગોઠવો. ઉડાઉ ના બનશો. આપણે વસ્તુ કે પૈસાને વેડફવામાંથી બચીએ. આપણે કરકસર તરફ વળવું જોઈએ. આપણી પાસે જે કંઈ અધિક છે તેમાંથી આપણે આપણા ઓછા નસીબવંતા માનવો સાથે વહેંચીએ. આ એક રાષ્ટ્રીય સદગુણ છે જેની આપણા ભારતવર્ષને આજે આવશ્યકતા છે.

કાયદો : આપણે કાયદાના નિયમો પ્રતિ સન્માન દાખવીએ તેમજ સામાજિક ન્યાયના નિયમોનું પાલન કરીએ. આ વર્તન-વ્યવહારમાં આપણા રાષ્ટ્રના કલ્યાણની તેમજ આજના તેમજ આવતીકાલના વિશેષ સુદૃઢ ભારત માટેની ક્રમબદ્ધ પ્રગતિની ખાતરી રહેલી છે.

કરુણાપૂર્ણ અહિંસા : અન્યને હાનિ ન પહોંચાડવાનું કાર્ય એ અત્યંત ઉત્કૃષ્ટ ગુણ છે. કરુણાભાવ એ દિવ્ય ગુણ છે. અન્ય જીવોનું રક્ષણ કરવું એ આપણું પાવનકારી કર્તવ્ય છે. ભારતવર્ષની આ વિશિષ્ટ શીખ (ઉપદેશ) છે. ચાલો, આપણે જીવ-સમસ્ત પ્રતિ કરુણાવાન બનીએ અને આમ સાચા અર્થમાં ભારતીય બનીએ. પ્રાણીઓ પ્રતિ દયાળુપણું દાખવવાના મૂર્તિમંત રૂપ બનવા પ્રયત્ન કરી બનીએ. તમારા દૈનિક જીવનમાં તેમજ પ્રવૃત્તિઓમાં કરુણા તેમજ ભલાઈ દાખવીએ.

પર્યાવરણ તેમજ પ્રાકૃતિક સંતુલન : માનવ અને પ્રકૃતિ અવિભાજ્ય છે. મનુષ્ય અને તેનું કુદરતી પર્યાવરણ આંતર્ગ્રથિત તેમજ પરસ્પર આધારિત છે. પ્રકૃતિમાં રહેલ સર્વ કાંઈ આપણા રક્ષણ અને પોષણને જાળવે છે. ચાલો, આપણે તેથી આપણા પ્રાકૃતિક પર્યાવરણનું સંરક્ષણ કરીએ. પ્રાકૃતિક સંતુલનની જાળવણીમાં સહાયભૂત થવું એ આપણું કર્તવ્ય છે. તે બાબત આપણી સમગ્ર સુખાકારી તેમજ સલામત જીવન માટે અનિવાર્ય છે. જાહેર સ્થળોને પ્રદૂષિત કરવાનું કાર્ય તેમજ રાષ્ટ્રનાં જલ-વાયુને પ્રદૂષિત કરવાનું કાર્ય એ રાષ્ટ્રીય ગુનો છે. ભૂતકાળની આપણી આવી ભૂલનો આપણે સુધારવી ઘટે.

એકતા : દેશના લોકો જેટલા વધારે સંગઠિત તેટલા પ્રમાણમાં તેઓની બધા અવરોધો તેમજ જોખમો સામે ટકવામાં તેઓ વિશેષ ક્ષમતાભર્યા બનશે. એકતા હશે તો આપણે ખડા રહીશું અને વિભાજિત બનવામાં પતન પામશું. આજના ભારત માટે આ વિશેષ સાચું છે. તેથી આપણે આપણા દેશના દેશબાંધવો સાથે પ્રેમભરી શુભેચ્છા અને સુદૃઢ સંવાદિતામાં જીવીએ. આપણા દેશ પ્રત્યેનો પ્રેમ એ આપણા દેશબાંધવો પ્રત્યેના પ્રેમ સમાન છે. આ બાબત એ ભારતનો નાગરિક પોતાની માતૃભૂમિ ભારત પ્રતિ અર્પણ કરે તેવી અત્યંત અમૂલ્ય સેવા છે. આપણા દેશને અભેદ્ય તેમજ બળવાન બનાવવા માટે આ બાબત જરૂરી છે.

શિક્ષણ : શિક્ષણ પ્રદાન કરવાની પ્રક્રિયામાં ભારતની મહાન સંસ્કૃતિના પાયાનું જ્ઞાન, સંસ્કૃતિના ઉન્નત આદર્શો તેમજ જીવન જીવવાના ઉમદા આદર્શો અને સિદ્ધાંતો શીખવવાની પ્રક્રિયાનો સમાવેશ થવો ઘટે. આપણી શિક્ષણ વ્યવસ્થાનો ઝોક, આપણા વિદ્યાર્થીઓ અને યુવાનોના જીવનની ગુણવત્તાની વૃદ્ધિ તેમજ તેને સમૃદ્ધ કરનારાં પાસાં પરત્વે હોવો જ જોઈએ. તે બાબત આપણને સાચા ભારતીય બનાવે તેવી હોવી ઘટે.

આ રીતે તમે બધા ખરા નાગરિક તરીકે ઝળહળો તેમજ તમારા દેશની સ્વયં તમારા જીવન વ્યવહાર તેમજ આચાર વડે શ્રેષ્ઠપણે સેવા કરો.